Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale I Retail I Export I Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેકશન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૦ ● અંક : ૩૯ ● સળંગ અંક : ૧૦૨૮ ● પ્રકાશિત તા-૩૦-૮-૨૦૨૪,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# ખૂબ ખૂબ અભિનંદન



સૌથી નાની વયે અને દેશના ગૌરવ સમાન એવા
આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના ચેરમેન પદે
## શ્રી જયભાઈ શાહ
ને બિનહરીફ ચુંટાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

હાઉસીંગ એક સમાજ **શુભેચ્છકો** હાઉસીંગ એક પરિવાર...




સંદિપભાઈ ત્રિવેદી
(પ્રમુખ, રામેશ્વર એપાર્ટમેન્ટ)



વિશાલ કંથારિયા
(પ્રમુખ, શાંતિ એપાર્ટમેન્ટ)



મનુભાઈ ચૌધરી
(કમીટી સભ્ય, સુરમ્ય એપાટેમેન્ટ)



વિજય કોડવાની
(કમીટી સભ્ય, શાસ્ત્રીનગર)

## હાઉસીંગ એપાર્ટમેન્ટ રીડેવલપમેન્ટ ફેડરેશન (HARF)

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## શહેરમાં ૧૯,૦૦૦થી વધુ ખાડાઓ પડ્યા, તડકો નીકળશે પછી ડામર નાખી રોડ સરખા થશે

# અમદાવાદના રોડ-રસ્તા પર તંત્રે થીગડા તો માર્યા! પણ તે ટકશે ખરી?

### મ્યુનિસિપલ કોર્પોરેશનનો પ્લાન્ટ અને ડામર પૂરતા પ્રમાણમાં તૈયાર છે, જેઓ તડકો નીકળશે ત્યારે યુદ્ધના ધોરણે રોડ રિપેર કરવાની કામગીરી કરવામાં આવશે...

અમદાવાદ : શહેરમાં ભારે વરસાદના કારણે ઘણી જગ્યાએ રોડ-રસ્તા તૂટી ગયા છે. તો કેટલીક જગ્યાએ વિશાળ ભૂવા પડી ગયા છે. વસ્ત્રાલ, આશ્રમ રોડ, ગોતા અને બોપલ જેવા વિસ્તારોમાં મોટા અને ઊંડા ભૂવા પડ્યા હતા ઠેર-ઠેર રોડ તૂટી જવા અને ખાડા પડવાના કારણે વાહનચાલકોને હાલાકી થતાં આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં અધિકારીઓને જ્યાં પણ ખાડા પડ્યા છે, ત્યાં વેટ મીક્સ નાખી અને ખાડા પૂરવા માટેની સૂચના આપવામાં આવી છે. ઈજનેર વિભાગ દ્વારા શહેરમાં નાના-મોટા ૧૯,૨૨૮ ખાડાઓ પુરવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હજી પણ શહેરમાં વરસાદ ચાલુ હોવાથી વેટ મિક્સ દ્વારા ખાડા પૂરવામાં આવ્યા છે.

શહેરમાં અનેક સ્થળો પર વરસાદના કારણે ખાડા પડ્યા છે, જેને પૂરવા માટેની મ્યુનિસિપલ કોર્પોરેશન અધિકારીઓએ સૂચના આપી છે. ૪૦૦ જેટલા નાના-મોટા ખાડાઓ હજી સુધી પુરવાના બાકી છે. જોકે, ૧૯,૦૦૦થી વધુ ખાડાઓ પુરવાની કામગીરી કોર્પોરેશન દ્વારા કરવામાં આવી છે. છેલ્લા પાંચ દિવસથી વરસાદ ચાલુ છે, જેના કારણે વેટ મિક્સ દ્વારા ખાડા પૂરવાની કામગીરી કરવામાં આવી રહી છે. વરસાદ બંધ થશે અને તડકો નીકળશે ત્યારબાદ રોડને રી-સરફેસ કરવાની કામગીરી કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશનનો પ્લાન્ટ અને ડામર પૂરતા પ્રમાણમાં તૈયાર છે, જેઓ તડકો નીકળશે ત્યારે યુદ્ધના ધોરણે રોડ રિપેર કરવાની કામગીરી કરવામાં આવશે.

શહેરમાં ૧૯,૬૨૬ ખાડાઓ પડ્યા છે. જેમાં ૧૯,૨૨૮ ખાડાઓ ૩૦૮ મજૂરો અને ૩૮ ટ્રેક્ટરોની મદદથી વરસાદ છેલ્લા અનેક દિવસથી ચાલુ હોવા છતાં પણ ખાડા વેટ મિક્સ નાખી પૂરવામાં આવ્યા છે. ૧૮,૪૨૬ જેટલા ખાડા ચોમાસામાં વરસાદના કારણે પડ્યા છે. જ્યારે ૯૩૦ જેટલા ખાડા ડ્રેનેજ લાઈનમાં ભંગાણ અને રોડ ખોદવાના કારણે થયા છે. ૨૭૦ જેટલા ખાડા વિવિધ એજન્સિઓને રોડ ખોલવાની પરમિશન આપવામાં આવી હતી, જે પૂર્ણ થયા બાદ યોગ્ય પુરાણ ન થતા થયા હોવાનું સામે આવ્યું છે.

## ૪૪ કિ.મી.ના એસજી હાઈવે ઉપર ૧૧૧ ખાડા પડયા, ૨૪ કલાકમાં પૂરી કાઢયા

ગાંધીનગર : રાજયમાં પંચાયતના માર્ગો સ્ટેટ અને નેશનલ હાઈવેના નેટવર્કમાં ત્રણ દિવસમાં ભારેથી અતિભારે વરસાદથી ૮૦૬ રસ્તાઓ ઉપર રાતોરાત બંધ કરવામાં આવ્યો હતો. પરંતુ જયાં વાહન વ્યવહાર ચાલુ છે. અને ડામર ઉ.ખડવાને કારણે મોટા ખાડા પડી રહયા છે. તેવા સ્ટેટ અને નેશનલ હાઈવે પર તત્કાળ અસરથી કોકીટથી પેચઅપ કરવા માર્ગ મકાન વિભાગે આદેશ આપ્યા છે. આ શૃખલામાં વિતેલા ૨૪ કલાકમાં ચિલોડા ગાંધીનગરથી સરખેજ એસજી હાઈવે પર ૧૧૧ પુરી દેવાયા છે. સ્ટેટ ડિઝાસ્ટર કંટ્રોલ સેન્ટરમાંથી જાણવા મળ્યા મુજબ વરસાદ ચાલુ હોય ત્યારે ડામરના ધોવાણ અને વાહનોના ઘસારા વચ્ચે ખાડા પુરવા ગરમ ડામરથી પેવરીગ શકય નથી. આથી ચોમાસુ પુર્ણ થયે ૧૫ ઓકટોબર પછી કાયમી રીપેરીગ પ્રક્રિયા થશે. ત્યાં સુધી રસ્તાના ખાડાઓઅ પુરવા તેના આકાર મુજબ સીમેન્ટ કોકીટના રેડી મીકસથી લઈને રોડા-કોકીટ કરવા સંબંધીત કિનાર ધોવાણ અટકાવવા પેચવર્ક કરવા માર્ગ મકાન વિભાગે આદેશો કર્યા છે. વાહનચાલકો ખાડાની પીડા ભોગવવા તૈયાર રહેઃ એસજી હાઈવે સહિતના માર્ગો પર ચોમાસામાં ચાલુ વરસાદમાં પણ લાંબા સમય સુધી ઉખડે નહી તેવા ડામર ઈમેલજનનો ઉપયોગ કરવા પણ કહેવાયું છે. આ નેશનલ હાઈવે પર દરરોજ ખાડા શોધવા અને તેને પુરવા માટે એક સર્વેલન્સ ટીમને નિયુકત કરવામાં આવી છે. આવી જ ટીમો રાજયના અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એમ ચાર મહાનગરોને આજુબાજુના નાના શહેરોને જોડતા. માર્કેટયાર્ડ અને દુધ ઉત્પાદકોને જોડતા સ્ટેટ અને નેશનલ હાઈવે પર નિયુકત કરીને ૨૪ કલાકમાં ખાડા શોધી તેને પુરવા માટે કાર્યરત કરવા માગણી ઉઠી છે.

## નવા વાડજનો વ્યાસવાડી પગપાળા સંઘ બાવન ગજની ધજા સાથે અંબાજી જવા પ્રસ્થાન કરશે




અમદાવાદ : માં અંબાનું પવિત્ર સ્થાન એટલે અંબાજી. ભાદરવી પૂનમનો મેળો એટલે માં અંબાના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ લેવાનો લહાવો.ભક્તો રાત દિવસ ઠંડી ગરમીની પરવા કર્યા વિના માં અંબાના ચરણોમાં પગપાળા ચાલીને પોતાની માનતા, મનોકામના લઈ માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. દર વર્ષે ભાદરવા સુદ એકમથી અંબાજી પગપાળા પ્રસ્થાન કરતા સંઘનો પ્રારંભ થઈ જાય છે. માત્ર અમદાવાદ જ નહીં સમગ્ર ગુજરાતમાં જુનામાં જુના સંઘ તરીકે ગણના થાય છે એવા નવા વાડજના વ્યાસવાડી પગપાળા સંઘ સતત ૩૧ માં વર્ષે પદયાત્રીઓ અને બાવન ગજની ઘજા સાથે આદ્યશક્તિને આરાધવા આગામી તા.૦૩-૯-૨૪ ને મંગળવારના રોજ સવારે ૬-૦૦ કલાકે વ્યાસવાડી ચાર રસ્તાથી અંબાજી માટે પ્રસ્થાન કરશે. અને તા.૧૧-૦૯-૨૪ ને બુધવારના રોજ અંબાજી ખાતે સવારે ૭-૦૦ કલાકે શિખર ઉપર ધજા આરોહણ કરશે. આ અગાઉ સંઘ દ્વારા આયોજીત ધજાપૂજન તા.૦૨-૦૯-૨૪ ને સોમવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે રાખેલ છે, તો દરેક ભાવિક ભક્તોને લાભ લેવા માટે નમ્ર અપીલ છે.

જો આપ દ્વારા સંજોગાવસાત અંબાજી સુધી પદયાત્રા કરી શકતા ના હોય તો પણ સપરિવારપઆદ્યશક્તિનાં બાવન ગજની ધજા અને માતાજી બિરાજમાન થયેલા એવા રથને વિદાય આપવા નવા વાડજના વ્યાસવાડી ચાર રસ્તાથી રોનક પાર્ક સોસાયટી, કૃષ્ણનગર, જય જલારામ સોસાયટી,સ્વામીનારાયણ મંદિર, જુહુ પાર્ક, ભાવસાર સોસાયટી, નીલ કોમ્પ્લેક્ષ સુધી પુરક પદયાત્રા કરવા જાહેર આમંત્રણ આપવામાં આવે છે. માં અંબે આપ સર્વેની મનોકામના પૂર્ણ કરે. જય અંબે...

દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## અમદાવાદીઓ તમારા ઘરની આસપાસ

# ગંદકી કે જંતુનાશક દવાઓનો છંટકાવ કરવા AMCમાં ૧૫૫૩૦૩ પર ફરિયાદ કરો

અમદાવાદ : શહેરમાં ૪ દિવસથી પડેલા ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. વરસાદી પાણી ભરાવવાના કારણે અનેક જગ્યાએ કચરો એકત્રિત થઈ ગયો હતો. ગટરની કેચપીટો અને ગટરોના ઢાંકણાની આસપાસ કચરો ફેલાયો હતો. ઉપર કાદવ-કીચડ એકત્રિત થયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ૧૪૦ જેટલી ટીમો બનાવી સફાઈ કામદારો દ્વારા શહેરમાં સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જો કોઈપણ નાગરિકોને ઘર અથવા સોસાયટીની આસપાસ જંતુનાશક દવાનો છંટકાવ, કાદવ-કીચડ દૂર કરવા અથવા સફાઈ યોગ્ય ન થઈ હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશનના ફરિયાદ નંબર ૧૫૫૩૦૩ પર ફોન કરી અથવા ઓનલાઈન કોર્પોરેશનની વેબસાઈટ પર ફરિયાદ નોંધાવી શકે છે.

શહેરમાં ઠક્કરનગર ઓવરબ્રિજ રોડ, સરસપુર-રખિયાલ-પોટલિયા રોડ, મણિનગર-ઉત્તમનગર ગાર્ડન રોડ, ઈસનપુર ગોવિંદવાડી સર્કલ રોડ, લાંભા-નારોલ માર્કેટ રોડ, દરિયાપુર-દિલ્હી દરવાજાથી શાહપુર મેટ્રો સ્ટેશન રોડ, શાહપુર-પોલીસ સ્ટેડિયમ રોડ, ગોતા-ગોતા ચોકડી, બ્રિજની નીચેનો વિસ્તાર, શાયોના અંડરબ્રિજ, ચાંદલોડિયા-ગૌરવપંથ રોડ, વંદેમાતરમ્ રોડ, ઘાટલોડિયા-ચાણક્યપુરી બ્રિજ, બોડકદેવ-આંબલી-બોપલ રોડ, થલતેજ-ન્યુ યોર્ક ટાવર એસ.જી.હાઈવે, ગોમતીપુર-બળિયા કાકા રોડ, અમરાઈવાડી-સ્વસ્તિક ચાર રસ્તાથી મથુર માસ્ટર ચાર રસ્તા રોડ, વિરાટનગર-સોનીની ચાલી રોડ કાદવ-કીચડ અને માટી ન્યૂસન્સ ટેકરથી ધોવડાવી દૂર કરાવવાની કામગીરી કરવામાં આવી હતી.

પૂર્વ વિસ્તારમાં જ્યાં સૌથી વધુ પાણી ભરાયા હતા એવા નિકોલ-શુકન ચાર રસ્તાથી મોડલ રોડ રિંગરોડ સુધી, વસ્ત્રાલ-માધવ ગાર્ડન રોડ, પાલડી-Nid ચાર રસ્તાથી પાલડી ચાર રસ્તા રોડ, વાસણા, વાસણા AMTS બસ ટર્મિનલ રોડથી પ્રજાપતિ ગાર્ડન વાસણા રોડ, નવરંગપુરા, આઈ.આઈ.એમ.રોડ પાંજરાપોળ, નારણપુરા-શાસ્ત્રીનગર રોડ, નવાવાડજ-ભીમજીપુરાથી અખબારનગર સુધી, સરદારનગર-ઈન્દિરા બ્રિજથી એરપોર્ટ રોડ અને એરપોર્ટથી ઈન્દિરા બ્રિજ રોડ (આઈકોનિક રોડ), નરોડા-હિલોની મામલતદાર ઓફિસ રોડ નરોડા, સૈજપુર-મેમ્કો સ્પોર્ટ્સ સંકુલ રોડ, મેમ્કો બ્રિજ, કુબેરનગર-છારાનગર રોડ, કુબેરનગર-બાપુનગર-મરઘા ફાર્મ રોડ, ઈન્ડિયા કોલોની-ઠક્કરનગર એપ્રોચથી હીરાવાડી ચાર રસ્તા, ઠક્કરનગર-ઠક્કરનગર ઓવરબ્રિજ રોડ વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી હતી.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ ૭ ઝોનમાં ૧૪૦ જેટલી ટીમો દ્વારા કેચપીટ પરનાં ફ્લોટીંગ વેસ્ટ કલેક્શન કરવામાં આવ્યું હતું. સફાઈ કામદારો મારફતે ૧૧૨૬૪ કુલ કેચપીટો પરના કચરાને દૂર કરવામાં આવ્યો હતો. ૪૦ JCB -બોબકેટ અને ૯૭ ટ્રકો જેવી મશીનરી દ્વારા પિરાણા ખાતે કચરાનો નિકાલ કરાયો હતો. ૭ ઝોનમાં અંદાજિત ૬૭૭૭ કિ.ગ્રા. લાઈમ ડસ્ટ અને ૪૭૯૫ કિ.ગ્રા. મેલેથિયોન એમ કુલ ૧૧૫૭૨ કિ.ગ્રા. જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

# નારણપુરામાં HARF દ્વારા હાઉસિંગ વસાહતોનાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું





અમદાવાદ : શહેરના નારણપુરા ખાતે HARF દ્વારા હાઉસિંગ વસાહતોના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ શનિવારે સાંજે યોજાયો હતો.જેમાં ગુજરાત હાઉસીંગ બોર્ડની યોજનાઓમાં વસતા તેજસ્વી વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓનું ટ્રોફી અને સન્માન પ્રમાણપત્ર આપી સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, ગુજરાત હાઉસીંગ બોર્ડની યોજનાઓ વસતા હાઉસીંગ રહીશો એક સમાજની જેમ એક મંચ પર આવે અને હાઉસીંગ રહીશોનો વિકાસ થાય તથા હાઉસીંગ રહીશોના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહનું આયોજન કરાયુ હતુ.ગત તારીખ-૨૪/૮/ ૨૦૨૪, શનિવારે સાંજે હાઉસીંગ એપાર્ટમેન્ટ રીડેવલપમેન્ટ ફેડરેશન (HARF) દ્વારા નારણપુરા વિસ્તારમાં આવેલ GSC બેંકના હોલમાં ગુજરાત હાઉસીંગ બોર્ડની યોજનાઓમાં વસતા તેજસ્વી વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓનું ટ્રોફી અને સન્માન પ્રમાણપત્ર આપી સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.જેમાં લગભગ ૧૫૨ વિદ્યાર્થીઓ તેમના પરિવાર સાથે હાજર રહ્યા હતા. હાઉસીંગ એક પરિવાર હાઉસિંગ એક સમાજના સૂત્ર હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમારોહના વિશેષ અતિથિ અને સ્પીકર તરીકે સિલ્વર ઓક યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ જનકભાઈ ખાંડવાલા હાજર રહ્યા હતા અને વિદ્યાર્થી વાલીઓને શિક્ષણ બાબતે સકારાત્મક અને અસરકારક સંબોધન કર્યું હતું. આ ઉપરાંત હાઉસીંગ આગેવાનો ગોરધનભાઈ પટેલ, પ્રવીણાબા ગોહિલ, અશ્વિનભાઈ સુમેર્યા,અનિલભાઈ ઠક્કર, વિજયભાઈ કોડવાની, ઉત્તમભાઈ સુરતી, મનુભાઈ ચૌધરી, વિશાલભાઈ કંથારિયા અને સંદીપભાઈ ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદની ત્રણ સ્કૂલોમાં વિદ્યાર્થીઓ માટે નામ, જાતિ અને અટક સુધારણા કેમ્પ યોજાશે

અમદાવાદ : શહેરમાં દર વર્ષે ગુજરાત બોર્ડમાં ધોરણ ૧૦ અને ૧૨માં ૧.૫૯ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપે છે. ત્યારે પરીક્ષાના પરિણામ બાદ દર વર્ષે વિદ્યાર્થીઓના નામ, અટક અને જાતિમાં સુધારો કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે બોર્ડની પરીક્ષાના ફોર્મ ભર્યા અગાઉ જ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વિદ્યાર્થીઓના નામ,અટક અને જાતિ સુધારણા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦ થી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન શહેરની ત્રણ અલગ અલગ સ્કૂલના કેન્દ્રોમાં આ વ્યવસ્થા રાખવામાં આવી છે. આ કેમ્પમાં માત્ર ધોરણ ૧૦ અને ૧૨ જ નહિ પરંતુ ૧ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા રાખવામાં આવી છે.

### આ ત્રણ સ્કૂલમાં કેમ્પ યોજાશે

૧૦ સપ્ટેમ્બર- એન.વી પટેલ વિદ્યામંદિર, નરોડા
૧૧ સપ્ટેમ્બર- બેસ્ટ હાઈસ્કુલ, મણીનગર
૧૨ સપ્ટેમ્બર- સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ લોયલા, નારણપુરા

સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના નામ, અટક અને જાતિમાં અનેક વખત ભૂલો હોય છે, જે ભૂલો સુધારવા માટે પરિણામ બાદ કેમ્પ રાખવામાં આવે છે. આ વર્ષે હજુ બોર્ડના ફોર્મ ભરાયા નથી. જેથી ફોર્મ ભરાયા તે અગાઉ જ અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરી દ્વારા ૩ દિવસ માટે વિદ્યાર્થીઓના નામ, જાતિ અને અટક સુધારણા માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ ૧ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓના સુધારણા આ કેમ્પમાં કરવામાં આવશે. નીચે મુજબની ત્રણ સ્કૂલમાં અલગ અલગ દિવસે બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન સુધારણા કરાશે.

આ ત્રણ સ્કૂલમાં કેમ્પ યોજાશે
૧૦ સપ્ટેમ્બર- એન.વી પટેલ વિદ્યામંદિર, નરોડા
૧૧ સપ્ટેમ્બર- બેસ્ટ હાઈસ્કુલ, મણીનગર
૧૨ સપ્ટેમ્બર- સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ લોયલા, નારણપુરા



## અમદાવાદીઓ માટે નવું નજરાણું !

# અમદાવાદમાં બનનાર ૯ આઈકોનિક રોડ શહેરની કાયાપલટ કરશે

અમદાવાદ : અમદાવાદીઓ માટે સૌથી મોટી ખુશખબર છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સરખેજ થી ગાંધીનગર હાઈવે સહિત કુલ ૨૬ કિલોમીટરની લંબાઈના ૯ આઈકોનિક રોડના રૂપિયા ૭૦૦ કરોડના ખર્ચે વિકાસ કરાશે. એસજી હાઈવેના ૧૯ કિલોમીટરના રોડને ૩૫૦ કરોડના ખર્ચે વિકસાવાશે.આગામી પાંચ વર્ષનો સંપૂર્ણ કામ પૂર્ણ થઈ જવાની AMC આશા એવી રહ્યું છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદમાં એસ.જી.હાઈ વેના ૧૯ કિ.મી.ના રોડને ૩૫૦ કરોડના ખર્ચ વિકાસાવાશે. પાંચ વર્ષમાં સંપૂર્ણ કામ પૂર્ણ થઈ જવાની મ્યુનિ.ને આશા છે. જયારે એસ.જી. હાઈવેના ઈસ્કોન સર્કલથી પકવાન સુધીના સર્વિસ રોડ અને બફરઝોન સહિત નવ આઈકોનિક રોડના વિકાસ માટે ૩૫૦ કરોડનું ટેન્ડર જાહેર કરાયું છે.આઈકોનીક રોડ રોડનું આયુષ્ય પાંચ વર્ષનું રહેશે. રોડની ડિઝાઈનથી લઈ વિવિધ થીમ વિદેશમાં ફરતા હોય તેવી રહેશે.આ આઈકોનિક રોડ પર ફૂડ સ્ટોર, જુદા જુદા સ્કલ્પચર તથા વોટરબોડી ફાઉન્ટેન લગાવેલા હશે. વિકલાંગો માટે સરળ અને આધુનિક વ્યવસ્થા હશે.

સમગ્ર રોડના વિસ્તારને વિવિધ પ્રકારના લેન્ડસ્કેપીંગ કરી સુશોભીત કરાશે. શીમ બેઈઝ પ્લાન્ટેશન કરી સ્ટી બ્યુટીફિકેશન કરાશે. આ સાથે વાહનચાલકોને કોઈ અગવડ ના પડે એ માટે અહીં પેરેલલ પાર્કિંગ ફેસીલીટી તથા ટોઈલેટ અને બસ સ્ટેન્ડની ફેસિલિટીનું આયોજન કરાશે. આ આઈકોનિક રોડ પર ડિજિટલ સાઈન બોર્ડ તથા એલ.ઈ.ડી.ડિસ્પેલનું આયોજન કરાશે. લેન્ડસ્કેપીંગ પાસે જુદી જુદી ટાઈપની લાઈટિંગ, રિક્રિએશન એક્ટિવિટી, હોર્ટીકલ્ચર પ્લાન્ટેશન, સેલ્ફી પોઈન્ટ વગેરે જેવું સુવિધાનું આયોજન કરાશે.

YMCAથી એસ.પી રીંગરોડ
પાલડીથી વાડજ (આશ્રમરોડ)
ડફનાળા જંક્શનથી એરપોર્ટ સકલ
કેશવબાગ પાર્ટીપ્લોટથી પકવાન જંક્શન
કેનયુગ ચાર રસ્તાથી પ્રહલાદનગર જંક્શન
નરોડથી દહેગામ જવાનો રોડ
વિસત સર્કલથી તપોવન
ઈસ્કોન જંકશનથી પકવાન (એસ.જી હાઈવે સર્વિસ રોડ-બફરઝોન)
શાંતિપુરા સર્કલથી સાણંદ AMC લીમીટ


૨૦૩૬ પહેલાં અમદાવાદે ઓલિમ્પિકની તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરની ફરતે અત્યાધુનિક ગેટ બાદ ૯ આઈકોનિક રોડ તૈયાર થઈ રહ્યાં છે. જ્યાં તમને વિદેશમાં રહેતા હોવ તેવો અનુભવ થશે. અમદાવાદની કાયાપલટ થઈ રહી છે. અમદાવાદ એ ગુજરાતની આર્થિક રાજધાની કહેવાય છે. ગુજરાતમાં અમદાવાદને ૨૦૩૬ પહેલાં અત્યાધુનિક લુક આપવાની તૈયારીઓ ચાલી રહી છે. સૌથી પહેલાં તબક્કે ઈસ્કોન સર્કલથી પકવાન સુધીના સર્વિસ રોડ-બફર ઝોનનો આઈકોનિક રોડમાં સમાવેશ કરાયો છે. સૂચિત રોડ પર કુવારા, લાઈટો, બાંકડા, ફૂટપાથ, સેલ્ફી પોઈન્ટ, ફૂડ કોર્ટ જેવી સુવિધાઓ અમદાવાદીઓને મળી રહેશે. એએમસી ૭૦૦ કરોડના ખર્ચે SG હાઈવે સહિત કુલ ૨૬ કિ.મી.ના ૯રોડને આઈકોનિક બનાવાશે.

# રખડતા ઢોર અને ટ્રાફિક સમસ્યા મામલે ગુજરાત હાઈકોર્ટે બે અધિકારીઓને કરી ટકોર

અમદાવાદ, ગુજરાત હાઈકોર્ટે રખડતા ઢોરના કારણે ઉદભવેલ ટ્રાફિક સમસ્યાને લઈને કન્ટેમ્ટ પિટિશન પર સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે ટકોર કરી કે અત્યાર સુધી રસ્તે રખડતા ઢોર મામલે ૬૦ ઓર્ડર થયા છતાં પણ કોઈ ઉચિત કામગીરી ના જોવા મળતા ગૃહ વિભાગમાં સંબંધિત અધિકારીઓને કોર્ટમાં હાજર રહેવા આદેશ કર્યો હતો. આ મામલામાં અગાઉની સુનાવણીમાં સરકારની પેરવી કરતા અધિકારીએ કહ્યું હતું કે ગુજરાત જ નહિ અન્ય રાજ્યોમાં પણ આવું થાય છે. વકીલની ઝાટકણી કાઢતાં જજે કહ્યું કે વકીલ દર અઠવાડિયે મીઠું મીઠું બોલીને ગોળીઓ પીવડાવે છે એટલે ઉચ્ચ અધિકારીઓને બોલાવવાની ફરજ પડી.રખડતા ઢોર મામલે હાઈકોર્ટમાં ચાલતી સુનાવણીમાં કોર્ટના આદેશ બાદ આજે ગૃહ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી એમ. કે. દાસ તથા અર્બન હાઉસિંગ અને ડેવલોપમેન્ટ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી અશ્વિનીકુમારે હાજરી આપી હતી. રખડતા ઢોર અને ટ્રાફિક સમસ્યા મામલે હાઈકોર્ટમાં થયેલ અગાઉની સુનાવણીમાં એએમસી અને રાજ્ય સરકારને અભ્યાસ કરવા સાથે નિષ્ણાંત કમિટિની રચના કરવાનું કહેવાયું હતું. તેમજ દબાણો દૂર કરવાના પણ નિર્દેશ અપાયા હતા તેમજ ચાર રસ્તા પર પાર્કિંગ કરવા પર દંડ વસૂલવા જેવા આદેશો પણ અપાયા હતા. કોર્ટે ઉપસ્થિત થયેલ બંને સરકારી અધિકારીઓને ટકોર કરતાં કહ્યું કે વારંવાર રોડ તૂટતા જોવા મળે છે એટલે રોડ ઉપર રોડ બનાવવાના બદલે જૂનો રોડ કાઢીને નવો રોડ બનાવવામાં આવે. કેમકે એક વખત રોડ પર પાણી ભરાય એટલે તે ખરાબ થઈ જાય છે. કોર્ટ ફક્ત વાતો નહીં પરંતુ ઉચિત કામગીરી પર ભાર મૂકે છે. આ કામગીરી તમામ જિલ્લાઓમાં પણ કરવામાં આવે તેવી કોર્ટની અપેક્ષા છે.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.